# Launch of brochure outlining India's priorities as part of campaign for UNSC elected seat

05 June 2020

---

## યુએનએસસી (UNSC) ની ચૂંટાયેલી બેઠક માટે પ્રચારનાં ભાગ રૂપે ભારતની પ્રાથમિકતાઓ રૂપરેખાંકિત કરતી માહિતી પત્રિકાનું અનાવરણ

05 જૂન, 2020

આજે અગાઉ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે એક માહિતીપત્રિકાનું અનાવરણ કર્યું હતું જેમાં 17 જૂન, 2020 નાં રોજ નિર્ધારિત કરવામાં આવેલી ચૂંટણીઓમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પરની ચૂંટાયેલી બેઠક સુરક્ષિત કરવા માટેનાં ભારતનાં આગામી અભિયાન માટેની તેની પ્રાથમિકતાઓને રૂપરેખાંકિત કરવામાં આવી છે.

એશિયા-પેસિફિક ગ્રુપનાં સિંગલ એન્ડોર્સ કરાયેલા ઉમેદવાર તરીકે, ભારતની ઉમેદવારી સફળ થવાની સંભાવના છે. આ કિસ્સામાં, આ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પર ભારતની આઠમી અવધી હશે; આ બે વર્ષની અવધી જાન્યુઆરી 2021 થી શરૂ થશે.

પોતાની ટિપ્પણીઓમાં, વિદેશ મંત્રીએ આંતરરાષ્ટ્રિય સંદર્ભનો ઉલ્લેખ કર્યો હતો કે સુરક્ષા પરિષદ આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરક્ષા સામેનાં નવા અને ચાલું રૂઢિગત પડકારોનો સામનો કરશે.

ચાલું કોવિડ-19 મહામારીએ સ્થાનિક, પ્રાંતિય અને વૈશ્વિક પડકારો સામે પ્રતિભાવ આપવાની રાજ્યોની ક્ષમતા મર્યાદિત કરવા સહિત વધારે જટિલ આંતરરાષ્ટ્રિય અર્થતંત્ર અને રાજકીય વાતાવરણમાં વધારે યોગદાન આપ્યું છે.

ડૉ. જયશંકરે મધ્યસ્થતાનાં અવાજ, સંવાદોનાં અધિવક્તા, અને આંતરરાષ્ટ્રિય કાયદાનાં પ્રસ્તાવક તરીકે ભારતની લાંબા-ગાળાની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેણે આંતરરાષ્ટ્રિય સંબંધો તરફ ભારતનાં સૈદ્ધાંતિક અભિગમને રજૂ કર્યો હતો, જેને પરિષદ પર ભારત બે-વર્ષની અવધી માટે ચૂંટાઇ આવે પછી ભારતની વિદેશ નીતિ સંસ્થાપના સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં રજૂ કરશે.

મંત્રી દ્વારા માહિતીપત્રિકા તરીકે જારી કરવામાં આવેલા પ્રાથમિકતાનાં કાગળમાં નીચે મુજબ ભારતની મગત્વની પ્રાથમિકતાઓ સ્થાપિત કરવામાં આવી છે:

I. પ્રગતિ માટે નવી તકો

ii. આંતરરાષ્ટ્રિય ત્રાસવાદ તરફ અસરકારક પ્રતિભાવ

iii. બહુપક્ષીય તંત્રની સુધારણા

iv. આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરક્ષા તરફ વ્યાપક અભિગમ
v. નિરાકરણોનાં વાહક તરીકે માનવીય ભાવના સાથે ટેકનોલોજીનો પ્રચાર

ભારતનો અભિગમ વડાપ્રધાન દ્વારા સ્થાપિત કર્યા અનુસાર “પાંચ ‘S’” દ્વારા માર્ગદર્શિત હશે:

- સમ્માન,
- સંવાદ,
- સહયોગ, અને
- શાંતિ, જે વૈશ્વિક
- સમૃદ્ધિ માટે પરિસ્થિતિઓનું નિર્માણ કરવા માટે

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આ અવધી દરમિયાન ભારતનો એકંદર ધ્યેય N.O.R.M.S.: ન્યૂ ઓરિએન્ટેશન ફોર એ રીફોર્મ્ડ મલ્ટિલેટરલ સીસ્ટમ (સુધારેલા બહુપક્ષીય તંત્ર માટે નવો અભિગમ) હાંસલ કરવાનો રહેશે.

નવી દિલ્હી;
05 જૂન, 2020

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.